કે.ડી. NEWS
તારીખ : 11/02/2026

# માનવ મંદિર આશ્રમે વધુ એક રામકૃપા 131મી મનોરોગી મહિલા સાજી થતા આજે જેતપુર ની એક દીકરીને સાજી થતા તેમના બંને કાકા આવીને તેડી ગયા.



સાવરકુંડલા થી પાંચ કિલોમીટર હાથસણી રોડ ઉપર માનવ મંદિર મનોરોગી બહેનો નો આશ્રમ આવેલો છે જ્યાં ભક્તિ બાપુની નિશ્રામાં છેલ્લા 13 વર્ષથી મનોરોગી બહેનો પુનઃ જીવન પ્રાપ્ત કરી રહી છે. હાલ આ આશ્રમમાં 58 જેટલી વિવિધ પ્રાંતની વિવિધ ભાષાની બહેનો નિવાસ કરે છે આશ્રમમાં સેવકો અને દાતાઓના સહયોગથી આશ્રમ ચાલે છે કોઈપણ પ્રકારની થી કે ફાળો લેવામાં આવતો નથી આશ્રમે આવી અને જે કોઈ દાટા વરદાન આપે તેને પાકી પહોંચ આપવામાં આવે છે અહીંનું વાતાવરણ અમરેલીના પ્રખ્યાત મનોચિકિત્સક ડોક્ટર વિવેક જોશીની અવિરત 13 વર્ષની કન્સલ્ટિંગ સેવા અને ભક્તિ બાપુ નો રામ ઉપરનો ભરોસો આ ત્રણ માધ્યમથી આશ્રમને સારી એવી સફળતા મળી છે રામ કૃપા ઉતરી છે જેતપુરના શહેરના બેન રજાકભાઈ જે તારીખ 25 10 25 ના રોજ દાખલ થયેલી હતી તેને આજે તેના કાકા રજાકભાઈ તેડી જતા એક મનોરોગી બહેન સા જી થઈ તેના પરિવારને મળી તેનો ભક્તિ બાપુને આનંદ અને રાજીપો છે. આમ એક કથાકાર માંથી મનોરોગીના ઉધાર પાલક પિતા એવા ભક્તિ બાપુને પુનર્જીવન પ્રાપ્ત કરવાના હેતુસર કરેલા આશ્રમને સતત સફળતા મળી રહી છે

ના નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 11/02/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## સાવરકુંડલા શહેરમાં પ્રથમ વખત

# ફોનથી પેસેન્જર રીક્ષા ભાડે મેળવો

## શું આ તમે જાણો છો ???

ઈલેક્ટ્રીક પેસેન્જર રીક્ષા, વ્યાજબી ભાડું, અવાજના પ્રદૂષણ વગર શાંત સવારી, ઉત્તમ સર્વિસ

# 7801852020

આપની સેવામાં રીક્ષાની જરૂરિયાત માટે આ નંબર યાદ રાખો



તારીખ : 11/02/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




તારીખ : 11/02/2026

# સરકારની નવી ગાઈડલાઈન જાહેર...

# વંદે માતરમ, પછી જન ગણ મન...:




જન ગણ મન" રાષ્ટ્રગાનની જેમ હવે રાષ્ટ્રગીત "વંદે માતરમ" હવે સરકારી કાર્યક્રમોમાં વગાડવા અને ગાવાનું ફરજિયાત બનાવવામાં આવ્યું છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા આદેશમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે જો રાષ્ટ્રગીત "વંદે માતરમ્" અને રાષ્ટ્રગાન "જન ગણ મન" એકસાથે ગવાય અથવા વગાડવામાં આવે છે તો "વંદે માતરમ" પહેલા વગાડવામાં આવશે. વધુમાં શ્રોતાઓએ તેના ગાવા અથવા વગાડતી વખતે સાવધાન મુદ્રામાં ફરજિયાત ઊભા રહેવું પડશે.કેન્દ્રીય ગૃહ મંત્રાલયે તેના નિર્દેશમાં જણાવ્યું હતું કે "વંદે માતરમ"ના છ છંદ 3 મિનિટ 10 સેકન્ડમાં પૂર્ણ કરવાના રહેશે. અનેક સત્તાવાર પ્રસંગોએ વગાડવું અથવા ગાવું પડશે. આમાં ત્રિરંગો લહેરાવવાનો, સરકારી કાર્યક્રમોમાં રાષ્ટ્રપતિનું આગમન, રાષ્ટ્રને તેમના ભાષણો અને સંબોધનો પહેલાં અને પછી તેમજ રાજ્યપાલોના આગમન અને ભાષણો પહેલાં અને પછીનો સમાવેશ થાય છે.ગૃહ મંત્રાલયે એમ પણ જણાવ્યું હતું કે જો રાષ્ટ્ર ગીત 'વંદે માતરમ' અને રાષ્ટ્રગાન 'જન ગણ મન' એકસાથે ગવાય અથવા વગાડવામાં આવે તો 'વંદે માતરમ' પહેલા વગાડવામાં આવશે. વધુમાં શ્રોતાઓએ તે ગાવામાં આવે અથવા વગાડવામાં આવે ત્યારે સાવધાન મુદ્રામાં ઊભા રહેવું પડશે. નવા આદેશ અનુસાર, જ્યારે પણ રાષ્ટ્રગીત સત્તાવાર રીતે ગવાય અથવા વગાડવામાં આવે ત્યારે શ્રોતાઓએ સાવધાન મુદ્રામાં ઊભા રહેવું પડશે.

તારીખ : 11/02/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# સુવર્ણ સૌભાગ્ય ઉત્સવ- મહોત્સવ 2025




માત્ર રૂા. ૧૦,૦૦૦ ના ઘરેણાંની ખરીદી ઉપર..

## 25 લકઝરીયસ ફોર વ્હીલ

તેમજ

9999 થી વધુ કરોડોના ઈનામ જીતવાની સુવર્ણ તક...

AR JEWELLERS

## એ.આર. જવેલર્સ

રાજદરબારગઢ સામે, મેઈનબજાર, સાવરકુંડલા.

મો. 98244 46074/94286 18687

Organised by: HEADWAY BUSINESS SOLUTIONS LLP Solution@100%

તારીખ : 11/02/2026

# સાવરકુંડલા ના સાર્વજનિક દવાખાનામાં આવતી કાલે રાહતદરે હોમિયોપેથીક સારવાર કેમ્પ યોજાશે.

સાવરકુંડલાના વેદકીય રાહત મંડળ સંચાલિત શેઠ શેરી ખાતે આવેલા સાર્વજનિક દવાખાનામાં રાહત દરે દાંતના રોગોની સારવાર કરવામાં આવી રહી છે જયારે જૂના અને હઠીલા રોગો ની સારવાર માટે દર મહિને એક દિવસ હોમિયોપેથિક કેમ્પ પણ શરૂ કરવામાં આવ્યો છે આ વિભાગમાં દર મહિને એક દિવસ રાજકોટ થી હોમિયોપેથિક કન્સલ્ટન્ટ ડોક્ટર અમી પાંધી રાહત દરે સેવા પૂરી પાડે છે, આ હોમિયોપેથીક કેમ્પ આવતી કાલે તા.૧૨/૨/ ને ગુરુવારે યોજાશે જેમાં જુના હઠીલા દર્દો ,ચામડીના દર્દો, એલર્જી થી થતા દર્દો, શ્વસનતંત્ર ને લગતા દર્દો, માનસિક દર્દો ,મહિલાઓને લગતા દર્દો ,એસિડિટી, કપાસી વગેરે દર્દોની આડઅસર રહિત અક્સીર સારવાર કરવામાં આવશે તો આ કેમ્પનો લાભ લેવા સાર્વજનીક દવાખાના ની યાદીમાં જણાવાયું છે.

એ ગ્રેડ કવોલીટીનાં
A4 પેકેટ

65 GSM
Rs. 175
મીનીમમ 10 પેકેટ

70 GSM
Rs. 190
મીનીમમ 10 પેકેટ

80 GSM
Rs. 300

તમામ પેકેટો હાજરમાં

SINCE 1923 KD NEWS PAPER
દોશી કાંતિલાલ દલીચંદ
દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

નો નેગેટીવ ન્યૂઝ

# કે.ડી. NEWS

તારીખ : 11/02/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યૂઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યૂઝ...




કે.ડી. NEWS

તારીખ : 11/02/2026

# શ્રીમતી વી.ડી .ઘેલાણી મહિલા આર્ટસ કોલેજ સાવરકુંડલામાં બેસ્ટ પર્સનાલિટી સ્પર્ધા નું આયોજન










તારીખ 10 /2/ 26 ના રોજ શ્રી નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી વી.ડી. ઘેલાણી મહિલા આર્ટસ કોલેજમાં બેસ્ટ પર્સનાલિટી સ્પર્ધાનું આયોજન થયું, જેમાં વકૃત્વ સ્પર્ધા ,સામાન્ય જ્ઞાન ,વ્યક્તિત્વ મૂલ્યાંકન, અને ઈન્ટરવ્યુના આધારે સ્પર્ધકો નું મૂલ્યાંકન કરવામાં આવ્યું .પ્રિન્સિપાલ શ્રી ચાવડા સાહેબ દ્વારા નિર્ણાયકોનો પરિચય આપવામાં આવ્યો તથા સ્વાગત કરવામાં આવ્યું. સભા સંચાલન રાઠોડ રુતવા અને સાગઠીયા મનીષાએ કર્યું. સ્પર્ધાના નિર્ણાયક તરીકે શ્રીમતી છાયાબેનપી શાહ તથા કુ.હેતવીબેન ગઢીયા એ ભૂમિકા ભજવી. કાર્યક્રમના આયોજક તરીકે ડૉ.રુકસાનાબેન કુરેશી તથા સહાયક તરીકે ડૉ. જાગૃતીબેન રાઠોડે અને ડૉ.હરિતાબેન જોષી ભૂમિકા ભજવી .સ્પર્ધામાં જાદવ ફિઝુ એ. પ્રથમ, ચુડાસમા આરતી પી બીજા તથા બારૈયા તેજલ ત્રીજા ક્રમે રહ્યા .પૂર્વ બેસ્ટ પર્સનાલિટી વાઘેલા હેતલે સ્પર્ધામાં પ્રથમ આવનાર જાદવ ફિઝુ ને તાજ પહેરાવી, તેનું સન્માન કર્યું, દ્વિતીય નંબર મેળવનાર ચુડાસમા આરતી તથા તૃતીય નંબર મેળવનાર બારૈયા તેજલનું પણ સન્માન કરવામા આવેલ ભાગ લેનાર તમામ બહેનોને શ્રીમતી છાયાબેન તરફથી ગીફટ આપવામાં આવેલ આભાર દર્શન ડૉ.પ્રતિમાબેન શુક્લએ કરેલકાર્યક્રમને સફળ બનાવવામાં સમગ્ર સ્ટાફ તથા વિદ્યાર્થીનીઓનો સહકાર મળ્યો.

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 11/02/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



તારીખ : 11/02/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




# જય ભવાની ટ્રાવેલ્સ

## તદ્દન ન્યુ બ્રાન્ડ 2x1 સ્લીપર કોચ

## સાવરકુંડલા થી અમદાવાદ દરરોજ રાત્રે 9:30 કલાકે

## તેમજ સાવરકુંડલા થી સુરત દરરોજ રાત્રે 6:30 કલાકે

નાવલી નદી, નુતન લોજનીચે સાવરકુંડલા


ભરતભાઈ ચુડાસમા - 99240 17530

દિપકભાઈ મસરાણી - 9574655621

કે.ડી. NEWS

તારીખ : 11/02/2026

# અભિનેતા રાજપાલ યાદવની મદદે આવતા સોનુ સૂદ..



ફિલ્મ અભિનેતા રાજપાલ યાદવે 9 કરોડ રૂપિયાના ચેક બાઉન્સ કેસમાં તિહાડ જેલમાં સરેન્ડર કરી દીધું છે. જેલ જતાં પહેલા સોશિયલ મીડિયા પર એમણે આપેલા નિવેદનના કારણે સહાનુભૂતિ પેદા થઈ રહી છે. રાજપાલે જેલ અધિકારીઓને કહ્યું છે કે, તેની પાસે કોઈ ઉપાય નથી. કોઈ પૈસા નથી. એ શું કરે?મુંબઈ ફિલ્મ ઉદ્યોગ વિશે ખુલાસો કરતાં તેમણે કહ્યું હતું કે, અહીં સૌ એકલા છે. કોઈ મિત્ર નથી. અને મારે આ સમસ્યાનો સામનો ખૂદ જ કરવો પડશે. હવે સોનુ સુદે સોશિયલ મીડિયા મારફતે જાહેરાત કરી છે કે રાજપાલ યાદવ તેમની એક ફિલ્મમાં કામ કરશે. એ સાથે જ એમણે રાજપાલ યાદવને એક રકમ પણ આપી છે. જેની કિંમતનો ખુલાસો પોસ્ટમાં કરવામાં નથી આવ્યો. સોનુ સુદે કહ્યું છે કે, આ કોઈ દાન ધર્માદો નથી, પરંતુ સન્માન છે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 11/02/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



# એકયુરેટ ઇન્ડસ્ટ્રીયલ હબ

Accurate ★★★★★ Top In Town

**બુકીંગ શરૂ...**

વહેલા તે પહેલાના ધોરણે

મિત્રો, શુભેચ્છકો, ગ્રાહકો અને દલાલમિત્રોને પધારવા ખાસ આમંત્રણ




* NA થયેલ ઇન્ડસ્ટ્રીયલ પ્લોટ * અમરેલી નેશનલ હાઇવે ટચ
* બાયપાસથી નજીક * શહેરથી માત્ર ૧૦ મિનિટના અંતરે...

**સ્થળ : એકયુરેટ પેટ્રોલિયમની બાજુમાં, બાયપાસ પછી, અમરેલી રોડ, સાવરકુંડલા.**

ઓફીસ : એકયુરેટ પેટ્રોલિયમ, અમરેલી રોડ, સાવરકુંડલા


સમય : સવારે ૧૦ થી આપના આગમન સુધી

સંપર્ક : રાજુભાઇ દોશી - મો. ૯૮૭૯૫ ૮૦૬૯૦

ભુપતભાઇ યાદવ - મો. ૮૩૪૭૧ ૬૨૧૯૦

તારીખ : 11/02/2026

# ગુજરાત સરકારશ્રીના રજિસ્ટર કલાકારને પરમ પૂજ્ય શ્રી મોરારીબાપુના પાવન આશીર્વચન



સંગીતના ઉપાસક તથા ગુજરાત સરકારશ્રીના રજિસ્ટર કલાકાર પરસોત્તમભાઈ કછેટીયાને દ્વારકા ખાતે પરમ પૂજ્ય શ્રી મોરારીબાપુના પાવન આશીર્વચન પ્રાપ્ત થવું એ એક દિવ્ય, ગૌરવસભર અને અત્યંત ભાવસભર પ્રસંગ રહ્યો. આ પવિત્ર અવસરે પરસોત્તમભાઈએ બાપુશ્રીના ચરણોમાં વિનમ્ર વંદન કરી આત્મિક શાંતિ તથા ઊંડીઅધી આધ્યાત્મિક પ્રેરણા પ્રાપ્ત કરી. પરમ પૂજ્ય બાપુશ્રીએ પરસોત્તમભાઈને પોતાની સંગીત સાધનામાં અવિરત સાધના સાથે સતત ઉન્નતિ કરતા રહેવા તથા પોતાની કલાના માધ્યમથી સમાજમાં સંસ્કાર, ભક્તિ, સદભાવના અને આધ્યાત્મિક ચેતનાનો સંદેશ વ્યાપક રીતે પ્રસરાવતા રહેવા હૃદયપૂર્વક આશીર્વાદ આપ્યા. આ પાવન ક્ષણ પરસોત્તમભાઈ માટે જીવનભર સ્મરણમાં રહે તેવી અવિસ્મરણીય, પ્રેરણાદાયી અને પુણ્યસભર સંસ્મૃતિ બની રહી.

ડે.ડે. NEWS

તારીખ : 11/02/2026

# સાવરકુંડલા તાલુકાના મઢડા ગામની શાળા અને આંગણવાડીમાં કૃમિનાશક ગોળીઓનું વિતરણ કરાયું.



સાવરકુંડલા તાલુકાના મઢડા ગામની પ્રાથમિક શાળા અને આંગણવાડી કેન્દ્રમાં રાષ્ટ્રીય કૃમિનાશક દિવસ અંતર્ગત બાળકોને કૃમિનાશક ગોળીઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અમરેલી જિલ્લા આરોગ્ય અધિકારી અને સાવરકુંડલા તાલુકા આરોગ્ય અધિકારીના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો.આ વિતરણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ગાધકડા અને આયુષ્માન આરોગ્ય મંદિર ડેડકડીના સંયુક્ત ઉપક્રમે થયું હતું. આ પ્રસંગે સુપરવાઈઝર ઉમેશભાઈ ચાંદુ અને આરોગ્ય કર્મચારી અર્જુનભાઈ પોપટ દ્વારા બાળકોને કૃમિ સંક્રમણ અટકાવવા માટે પ્રાથમિક આરોગ્ય શિક્ષણ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવેલ. અંતે



ઉલ્લેખનીય છેકે રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા બાળકોમાં કૃમિ સંક્રમણને અટકાવવા માટે આ પહેલ કરવામાં આવે છે. દર વર્ષે ઓગસ્ટ અને ફેબ્રુઆરી માસમાં 1 થી 19 વર્ષ સુધીના બાળકોને આ ગોળીઓનું વિતરણ કરાય છે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 11/02/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




## ગુજરાત સરકારની અકસ્માત વિમા યોજના

**અકસ્માતના પ્રથમ 48 કલાક દરમિયાન ઓપરેશન જેવા કે બાઈક એકસીડન્ટ, બાઈક સ્લીપ થવી, ગાડી દ્વારા અકસ્માત થવો જેવા કોઈપણ રોડની અંદર થતા એકસીડન્ટ**

# મફતમાં કરી આપવામાં આવશે.

## શિવમ્

### ઓર્થોપેડીક એન્ડ ગાયનેક હોસ્પિટલ

**૨૪ કલાક ઈમરજન્સી સારવાર**

ડોકટર હાઉસ, રામદર્શન કોમ્પ્લેક્ષ, કે.કે. હોસ્પિટલ સામે, સાવરકુંડલા.
ફોન : ૦૨૮૪૫ - ૨૩૫૫૦૪, મો. ૯૮૭૯૭ ૩૪૮૧૧

## ઉપલબ્ધ સુવિધાઓ

### ડો. ચિરાગ પરમાર

M.S. (Ortho.)
(ભૂતપૂર્વ ઓર્થો. સર્જન, ઈરવીન હોસ્પિટલ, જામનગર)

**આધુનિક ઓર્થોપેડીક સેન્ટર કે જ્યાં**

- ✻ અત્યાધુનિક ટ્રોમા કેર સેન્ટર જેમાં...
- ✻ અત્યાધુનિક ઓપરેશન થિએટર IITV સાથે
- ✻ દરેક પ્રકારના ફ્રેકચર અને અકસ્માત કેસની સારવાર
- ✻ ક્લોઝ નેઈલીંગ સેન્ટર (Nailing)
- ✻ ઓપન ઈન્જરી (ખુલ્લા ઘા ની સારવાર)
- ✻ સાંધા બદલવાની શસ્ત્રક્રિયા
- ✻ દરેક પ્રકારના હાડકાને લગતા રોગો જેવા કે
- ✻ સાંધાનો દુઃખાવો, સ્નાયુનો દુઃખાવો, વા, સંધિવા
- ✻ બાળકોમાં થતી જન્મજાત ખોડખાંપણ
- ✻ સેરેબ્રલ પાલ્સી તથા મણકા (Spine) ના રોગોનું નિદાન તથા સારવાર
- ✻ એક્સ-રે સુવિધા - મેડીકલ સુવિધા ઉપલબ્ધ
- ✻ MLC (પોલીસ કેસ લેવામાં આવશે.)


### ડો. વૈભવી પરમાર

M.S. (ગાયનેક)સ્ત્રીરોગ અને પ્રસુતિના નિષ્ણાંત
(ભૂતપૂર્વ ગાયનેકોલોજીસ્ટ : સિવિલ હોસ્પિટલ, અમદાવાદ)

**આધુનિક ગાયનેક સેન્ટર કે જ્યાં**

- ✻ ૨૭ કલાક સોનોગ્રાફી થા ઈમરજન્સી સુવિધા ઉપલબ્ધ.
- ✻ TAS/TVS સોનોગ્રાફી સુવિધા ઉપલબ્ધ.
- ✻ સ્રીરોગ નિદાન અને સારવાર.
- ✻ અત્યાધુનિક પ્રસુતિગૃહ.
- ✻ જોખમી પ્રસુતિ માટે સવિશેષ સુવિધા.
- ✻ કુટુંબ નિયોજન કેન્દ્ર.
- ✻ વ્યંધત્વ નિવારણ કેન્દ્ર (Infertili ty Clinic)તેમજ કૃત્રિમ વિર્યદાન (Intera Uterine Insemination)સુવિધા ઉપલબ્ધ.
- ✻ ગર્ભાશયની કોથળી કાઢવાનું ટાંકાવાળુ તથા ટાંકા વગરનું ઓપરેશનની સુવિધા.
- ✻ કેન્સર નિદાન ✻ ગુપ્તરોગ (સ્ત્રી/પુરૂષ) નિદાન અને સારવાર
- ✻ એપોઈન્ટમેન્ટ અગાઉથી લઈ લેવી.

તારીખ : 11/02/2026



# થોમસ આલ્વા એડિસન નો આજે જન્મદિવસ..

થોમસ આલ્વા એડિસન ( ૧૧ ફેબ્રુઆરી, ૧૮૪૭ - ૧૮ ઓક્ટોબર, ૧૯૩૧) એક અમેરિકન શોધક અને ઉદ્યોગપતિ હતા. તેમણે ઈલેક્ટ્રિક પાવર ઉત્પાદન , ધ્વનિ રેકોર્ડિંગ અને મોશન પિક્ચર જેવા ક્ષેત્રોમાં ઘણા ઉપકરણો વિકસાવ્યા. આ શોધો, જેમાં ફોનોગ્રાફ , મોશન પિક્ચર કેમેરા અને ઈલેક્ટ્રિક લાઈટ બલ્બના પ્રારંભિક સંસ્કરણોનો સમાવેશ થાય છે , તેનો આધુનિક ઔદ્યોગિક વિશ્વ પર વ્યાપક પ્રભાવ પડ્યો છે. તેઓ ઘણા સંશોધકો અને કર્મચારીઓ સાથે કામ કરીને શોધ પ્રક્રિયામાં સંગઠિત વિજ્ઞાન અને ટીમવર્કના સિદ્ધાંતો લાગુ કરનારા પ્રથમ શોધકોમાંના એક હતા. તેમણે પ્રથમ ઔદ્યોગિક સંશોધન પ્રયોગશાળાની સ્થાપના કરી હતી .એડિસનનો ઉછેર અમેરિકન મિડવેસ્ટમાં થયો હતો . તેમની કારકિર્દીની શરૂઆતમાં તેમણે ટેલિગ્રાફ ઓપરેટર તરીકે કામ કર્યું , જેનાથી તેમની કેટલીક શરૂઆતની શોધોને પ્રેરણા મળી. ૧૮૭૬માં, તેમણે ન્યુ જર્સીના મેનલો પાર્કમાં તેમની પ્રથમ પ્રયોગશાળા સુવિધા સ્થાપી , જ્યાં તેમની ઘણી શરૂઆતની શોધો વિકસાવવામાં આવી હતી. તેઓ વ્યવસાયમાં ગયા અને શ્રીમંત બન્યા. એડિસને તેમના નસીબનો ઉપયોગ શોધ પ્રત્યેના તેમના જુસ્સાને આગળ વધારવા માટે કર્યો. આ પ્રાયોગિક ખાણકામ કામગીરી, પ્રથમ ફિલ્મ સ્ટુડિયો અને ૧,૦૯૩ યુએસ પેટન્ટમાં સાકાર થયું.

કે.ડી. NEWS

તારીખ : 11/02/2026

# પંડિત દીનદયાલ ઉપાધ્યાય ની આજે પુણ્યતિથિ...



પંડિત દીનદયાલ ઉપાધ્યાય (૨૫ સપ્ટેમ્બર ૧૯૧૬ – ૧૧ ફેબ્રુઆરી ૧૯૬૮) એ એક ભારતીય વિચારક, સમાજ સેવક અને રાજકારણી હતા. તેઓ ભારતીય જનતા પાર્ટીની પિતૃસંસ્થા ભારતીય જનસંઘના એક નેતા હતા.ઉપાધ્યાયે એકાત્મ માનવવાદની સંકલ્પના વિચારી હતી. એકાત્મ માનવવાદ દરેક વ્યક્તિના શરીરિક, માનસિક અને આત્મિક એ ત્રણેના અભિન્ન વિકાસનો વિચાર કરે છે. આ સંકલ્પના ભૌતિક અને આત્મીક, એકલ અને સામૂહિક વિકાસના વિચારનો સમન્વય કરે છે. તેમણે ભારત માટે ગ્રામ્ય આધારિત વિકેંદ્રીય અને સ્વાવલંબી અર્થવ્યવસ્થાની કલ્પના કરી હતી.તેમનો જન્મ ૧૯૧૬માં મથુરાથી ૨૬ કિમી દૂર આવેલા ચન્દ્રભાણ નામના ગામમાં થયો હતો. એ ગામને હવે દીનદયાલ ધામ તરીકે ઓળખાય છે. તેમના પિતા ભગવતી પ્રસાદ એક જાણીતા જ્યોતીષ શાસ્ત્રી હતા અને તેમના માતા શ્રીમતી રામપ્યારી એક ધર્મિષ્ઠ નારી હતા. તેઓ આઠ વર્ષના હતા ત્યારે તેમના માતા અને પિતા, બન્ને અવસાન પામ્યા અને તેમના મામાએ તેમને ઉછેરીને મોટો કર્યો.તેમના મામા અને મામીના ઉછેર હેઠળે તેમણે અભ્યાસમાં સુંદર પ્રદર્શન કર્યું. તેઓ રાજસ્થાનના પીલાની ઝુન્ઝુનુની શાળામાંથી મેટ્રીક્યુલેશન ની પરીક્ષા પાસ થયા. તેઓ તે પરીક્ષામાં પ્રથમ ક્રમાંકે આવ્યા જેથી તેમને સીકરના મહારાજા કલ્યાણ સિંહ તરફથી સુવર્ણ ચંદ્રક મળ્યો અને તે સાથે ૧૦ રૂપિયા માસિક શિષ્યવૃત્તિ અને ૨૫૦ રૂપિયા પુસ્તક આદિના ખર્ચ પેટે મળ્યા. તેમણે પિલાનીની બિરલા કૉલેજમાંથી ઈંટરમીડિયેટની પરીક્ષા પાસ કરી. ઈ.સ. ૧૯૩૯માં તેમણે કાનપુરની સનાતન ધર્મ કૉલેજમાંથી પ્રથમ શ્રેણીમાં બી.એ.ની પરીક્ષા પાસ કરી. તેમણે આગ્રાની સેંટ જ્હોન કૉલેજમાંથી અંગ્રેજી વિષયમાં પ્રથમ ક્રમાંકે અનુસ્નાતકની પદવી મેળવી અને સુવર્ણચંદ્રક મેળવ્યો. તેમના મામાએ તેમને પ્રાંતીય સેવા પરીક્ષા આપવા જણાવ્યું. આ પરીક્ષા આપી તેઓ પાસ થયા પરંતુ તેમણે સરકારી નોકરી સ્વીકારી નહીં કેમકે તેઓ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રચારક તરીકે સેવા આપવા માંગતા હતા. તેમણે પ્રયાગમાં બી. એડ. અને એમ. ઍડ.ની પદવીઓ મેળવી અને લોક સેવામાં જોડાયા હતા.

તારીખ : 11/02/2026

# દામનગર પોલીસ દ્વારા SPCના વિદ્યાર્થીઓનો આઉટડોર ક્લાસ લેવામાં આવ્યો .



અમરેલી જિલ્લાના દામનગર પોલીસ દ્વારા SPCના વિદ્યાર્થીઓનો આઉટડોર ક્લાસ લેવામાં આવ્યો હતો. જેમાં વિદ્યાર્થીઓએ ખૂબ જ ખંત પૂર્વક ભાગ લીધો હતો. ત્યારે અમરેલી જિલ્લાના દામનગર ખાતે પોલીસ સ્ટાફ ઉપસ્થિત રહી SPCના વિદ્યાર્થીઓનો આઉટડોર ક્લાસ લેવામાં આવ્યો હતો.

કે.ડી NEWS

તારીખ : 11/02/2026



# અમરેલી માં હેલિકોપ્ટરમાં જાન આવતા આકર્ષણનું કેન્દ્ર બની.

જાફરાબાદના લોઠપુર ગામથી અમરેલી શહેર સુધી હેલિકોપ્ટર મારફતે જાન પહોંચતા સમગ્ર વિસ્તારમાં આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. જાફરાબાદ પંથકના જાણીતા ઉદ્યોગપતિ અને કાઠી ક્ષત્રિય સમાજના અગ્રણી ધીરૂભાઈ ખુમાણના પુત્ર યુવરાજના લગ્ન પ્રસંગે આ આયોજન કરવામાં આવ્યું હતું.વરરાજા યુવરાજ ખુમાણ અને પરિવારજનો સાથે હેલિકોપ્ટરમાં જાજરમાન જાન અમરેલી પહોંચતા લોકો મોટી સંખ્યામાં જોવા ઉમટી પડ્યા હતા. લોકો મોબાઈલમાં વીડિયો અને ફોટા કેદ કરતા જોવા મળ્યા હતા. લગ્ન પ્રસંગને યાદગાર બનાવવા માટે ધીરૂભાઈ ખુમાણ પરિવાર દ્વારા આ આયોજન કરવામા આવ્યું હતું. આ લગ્ન પ્રસંગે સામાજિક અને વ્યાપારી ક્ષેત્રના અગ્રણીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર અમરેલી જિલ્લામાં હેલિકોપ્ટરથી આવેલી જાન ચર્ચાનું કેન્દ્રબની હતી.

કે.ડી. NEWS

તારીખ : 11/02/2026

# પ્રાકૃતિક ખેતીને વેગ: અમરેલી ખાતે કૃષિ સખી અને ખેડૂતો માટે વિશેષ એક દિવસીય તાલીમ યોજાઈ

## કૃષિ સખી-CRP માટે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર તથા કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ ખાતે માર્ગદર્શન આપવામાં આવ્યું








અમરેલી તા. ૧૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ (બુધવાર) - ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ, અમરેલી દ્વારા લીલિયા તાલુકા તેમજ અમરેલી તાલુકાના કૃષિ સખી-CRP માટે તા. ૧૦.૦૨.૨૦૨૬ના રોજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અમરેલી તથા કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ, અમરેલી ખાતે એક દિવસીય વિશેષ તાલીમ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.આ તાલીમ કાર્યક્રમમાં પ્રોજેક્ટ ડિરેક્ટરશ્રી મહેશ ઝીડ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પ્રાકૃતિક ખેતીનું મહત્વ, તેના લાભો તેમજ ખેડૂતની આવક વધારવામાં તેની ભૂમિકા અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.કાર્યક્રમમાં અમરેલી તથા લીલિયા તાલુકાના T.P.M. શ્રી, તૃષા બહેન બોરીસાગર અને શ્રી રોશન ભંડેરી પણ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે તાલુકા સ્તરે ચાલી રહેલી પ્રાકૃતિક ખેતીની પ્રવૃત્તિઓ અંગે માહિતી આપી હતી.તાલીમ દરમિયાન કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અમરેલીના વૈજ્ઞાનિકો દ્વારા પ્રાકૃતિક ખેતીના પાંચ આધારસ્તંભો, વિવિધ પાકોની નવી અને સુધારેલી જાતો, ખેતી પદ્ધતિ, પોષણ વ્યવસ્થાપન તથા ઉત્પાદન ખર્ચ ઘટાડવાના ઉપાયો અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી.આ ઉપરાંત કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ ખાતે ખેડૂતોને વિવિધ પાકોમાં ઉપયોગમાં લેવાતી પ્રાકૃતિક ખેતીની પદ્ધતિઓ અંગે પ્રાયોગિક રીતે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં જીવામૃત, ઘનજીવામૃત, બીજામૃત, દશપર્ણી અર્ક, નીમાસ્ત્ર જેવી ઈનપુટ્સની તૈયારી અને ઉપયોગ અંગે સીધી માહિતી આપવામાં આવી હતી.પ્રાકૃતિક ખેતી દ્વારા રોગ તથા જીવાત નિયંત્રણ, જમીનની જીવંતતા વધારવી, ખર્ચ ઘટાડવો તેમજ પર્યાવરણ સંરક્ષણ જેવા વિષયો પર પણ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ પ્રકારની તાલીમોથી પ્રાકૃતિક ખેતીને વધુ વેગ મળશે અને ખેડૂતોને ટકાઉ, ખર્ચ ઘટાડતી તથા પર્યાવરણ મિત્ર ખેતી તરફ આગળ વધવાની પ્રેરણા મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

તારીખ : 11/02/2026

# જાફરાબાદ તાલુકાના મિતિયાળા તપોવન ટેકરી આશ્રમ ખાતે વિનામૂલ્યે નિદાન કેમ્પ યોજાયો.



અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના મિતિયાળા નજીક આવેલા તપોવન ટેકરી તપસ્વી આશ્રમ ખાતે રવિવારે મફત નિદાન કેમ્પનું સફળ આયોજન થયું હતું. નિષ્ણાત ડોક્ટરો દ્વારા આંખ, દાંત, હૃદય અને કાન-નાક-ગળાના રોગોની વિનામૂલ્યે તપાસ કરવામાં આવી હતી. આશ્રમ દ્વારા દર મહિને આવા કેમ્પ યોજાય છે, જેમાં જરૂરિયાતમંદોને આંખના ઓપરેશન પણ મફત કરી આપવામાં આવે છે.

કે.ડી. NEWS

તારીખ : 11/02/2026

# રાષ્ટ્રીય એકતા અને સ્વાતંત્ર્ય સંઘર્ષના શિલ્પી સરદાર પટેલ પર રાષ્ટ્રીય સેમિનાર યોજાયો









## સરકારી આર્ટ્સ અને કોમર્સ કોલેજ લીલીયા દ્વારા આયોજિત સેમિનારમાં સરદાર વલ્લભભાઈ પટેલના રાષ્ટ્રીય એકતાના નિર્માણમાં તેમના યોગદાન અંગે ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી

અમરેલી તા. ૧૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ (બુધવાર) - સરકારી આર્ટ્સ અને કોમર્સ કોલેજ, લીલીયા દ્વારા RUSA (National Higher Education Mission) તથા IQACના સંયુક્ત ઉપક્રમ હેઠળ "સરદાર વલ્લભભાઈ પટેલના સ્વાતંત્ર્ય સંઘર્ષ" વિષયક એક દિવસીય રાષ્ટ્રીય સેમિનારનું તા. ૧૦ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું.ભારતના "લોખંડી પુરુષ" તરીકે જાણીતા સરદાર વલ્લભભાઈ પટેલના સ્વાતંત્ર્ય સંઘર્ષ, રાષ્ટ્રીય એકતા તથા દેશના રજવાડાઓના એકીકરણમાં તેમના અવિસ્મરણીય યોગદાનને સમર્પિત આ રાષ્ટ્રીય સેમિનારમાં દેશભરના પ્રતિષ્ઠિત ઈતિહાસવિદો, વિદ્વાનો, અધ્યાપકો અને સંશોધકો ઉપસ્થિત રહ્યા હતા.સેમિનારમાં શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની વહીવટી દ્રષ્ટિ, ખેડા–બારડોલી સત્યાગ્રહમાં તેમની ભૂમિકા તથા રાષ્ટ્રીય એકતાના નિર્માણમાં તેમના યોગદાન અંગે ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. આ ગોષ્ઠી અધ્યાપકો, સંશોધકો અને વિદ્યાર્થીઓ માટે એક ઉત્તમ શૈક્ષણિક અવસરરૂપ સાબિત થઈ હતી.આ સેમિનારનો મુખ્ય હેતુ ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રમાં સરદાર સાહેબના ઓછા ચર્ચાયેલા અને ન લખાયેલા પાસાઓ અંગે સંશોધનને પ્રોત્સાહન આપવાનો, જાગૃતિ ફેલાવવાનો તથા વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન પ્રદાન કરવાનો હતો.લોખંડી પુરુષ સરદાર પટેલના વિચારોમાંથી પ્રેરણા લઈ રાષ્ટ્રીય એકતા, દેશપ્રેમ અને જવાબદાર નાગરિકત્વ તરફ એક કદમ આગળ વધારવાનો પ્રયાસ આ સેમિનાર દ્વારા કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમના સફળ આયોજન માટે સેમિનાર કોઓર્ડિનેટર ડૉ. ભરત ખેની તેમજ સરકારી આર્ટ્સ અને કોમર્સ કોલેજ, લીલીયા પરિવાર દ્વારા વિશેષ જહેમત ઉઠાવવામાં આવી હતી તેમ કોલેજના આચાર્યશ્રી રાજેન્દ્રસિંહ રાઠોડએ એક યાદીમાં જણાવ્યું હતું

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 11/02/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

આકર્ષક વેરાયટી




અવનવી ડીઝાઈન

# લગ્નકંકોત્રી

ઓફસેટ પ્રિન્ટીંગ | સ્કીન પ્રિન્ટીંગ | સ્ટીકર પ્રિન્ટીંગ

ચોપાનીયા | વિઝીટીંગ કાર્ડ | ઈન્વીટેશન કાર્ડ

બીલબુક | લેટરપેડ | ડોકટર ફાઈલ

પેસ્ટીંગ + ફ્રેમીંગ સાથે

# બેનર

ફલેક્ષ બેનર | હોર્ડીંગ્સ | વિનાઈલ પ્રિન્ટીંગ | રીક્ષા પોસ્ટર



દરેક સાઈઝની

## નોન વુવન બેગ

વ્યાજબી ભાવે પ્રિન્ટીંગ



પ્રકાશ પ્રિન્ટર્સ

રાજ દરબારગઢ, સાવરકુંડલા

મો. 94277 42117

તારીખ : 11/02/2026

# ચલાલામાં પંડિત દિન દયાળ ઉપાધ્યાયજી ના સમર્પણ દિને પ્રતિમા પુષ્પાંજલિ કાર્યક્રમ યોજાયો.




ચલાલા નગર પાલિકા ખાતે  પંડિત દિન દયાળ ઉપાધ્યાયજી ના સમર્પણ દિને પ્રતિમા પુષ્પાંજલિ કાર્યક્રમ યોજાયો હતો.જેમાં ધારી બગસરા ખાંભાના ધારાસભ્ય શ્રી જે. વી. કાકડિયા, પ્રમુખ શ્રી જયરાજભાઈ વાળા,  સહિતના નગર પાલિકાના સભ્યો અને આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



કે.ડી. NEWS

તારીખ : 11/02/2026

# ગુજરાત રાજ્ય બોર્ડ પરીક્ષા - ૨૦૨૬

## બોર્ડના વિદ્યાર્થીઓને માર્ગદર્શન માટે અમરેલી જિલ્લાના આચાર્ય અને શિક્ષકોના નામ અને સંપર્ક નંબર જાહેર

અમરેલી તા.૧૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ (બુધવાર) - આગામી ફેબ્રુઆરી-માર્ચ-૨૦૨૬માં ધો.૧૦ અને ધો.૧૨ની બોર્ડ પરીક્ષાઓ યોજાશે. વિદ્યાર્થીઓને પરીક્ષા બાબતે મૂંઝવણ હોય તો તે અંગે માર્ગદર્શન પ્રાપ્ત કરી શકે તે માટે આચાર્યશ્રી, શિક્ષકશ્રીઓના નામ અને સંપર્ક નંબર જાહેર કરવામાં આવ્યા છે. વિદ્યાર્થીઓના માર્ગદર્શન માટે ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ટોલ ફ્રી હેલ્પ લાઈન નંબર શરૂ કરવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓ ૧૨ ફેબ્રુઆરીથી ૧૮ માર્ચ, ૨૦૨૬ સુધી આ ટોલ ફ્રી હેલ્પલાઈન પર પરીક્ષાને લગતું માર્ગદર્શન સવારે ૧૧.૦૦ કલાકથી સાંજે ૬.૦૦ કલાક સુધી પ્રાપ્ત કરી શકશે. જિલ્લા કક્ષાએ માર્ગદર્શન માટે ૧) શ્રી વિપુલભાઈ ભટ્ટ, એલ.કે.બાબરીયા હામાપુર (બગસરા) મો. ૯૪૨૭૭ ૪૨૨૭૧ (૨) શ્રી કીરીટભાઈ જોટવા સુ. સા. હાઈસ્કૂલ (વડીયા) મો. ૯૮૯૮૪ ૬૭૯૯૯ (૩) શ્રી વી.બી.અગ્રાવત, પારેખ અને મહેતા હાઈસ્કૂલ (જાફરાબાદ) મો. ૯૪૨૬૯ ૮૫૭૩૫ (૪) શ્રી સોનલબેન મશરુ સનરાઈઝ હાઈસ્કૂલ સાવરકુંડલા મો. ૯૪૨૭૨ ૩૧૮૨૫ (૫) શ્રી પી.ડી.પટાટ જી.એન.દામાણી હાઈસ્કૂલ ધારી મો. ૯૮૨૫૭ ૩૬૫૫૦ (૬) શ્રી ધર્મેન્દ્રભાઈ કનાળા, જનતા વિદ્યાલય તાતણીયા ખાંભા મો. ૯૯૯૮૩ ૨૦૦૪૫ (૭) શ્રી હસમુખભાઈ કરડ, અમૃતબા વિદ્યાલય લીલીયા મો. ૯૪૨૮૮ ૩૬૮૩૬ (૮) શ્રી અનિલભાઈ પરમાર, સરકારી માધ્યમિક શાળા દેવકા રાજુલા મો. ૭૫૬૭૦ ૩૧૩૩૩ છે. વિદ્યાર્થીઓ આ નંબર પર કોલ કરીને માર્ગદર્શન પ્રાપ્ત કરી શકશે તેમ અમરેલી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ એક યાદીમાં જણાવ્યું છે.

## વિદ્યાર્થીઓના માર્ગદર્શન માટે ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ટોલ ફ્રી હેલ્પ લાઈન નંબર ૧૮૦૦-૨૩૩-૫૫૦૦ શરૂ કરવામાં આવ્યો

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS


તારીખ : 11/02/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...






કે.ડી NEWS
ના પ્લેટફોર્મ પર
જ્યાં રિલ્સ નહીં
બ્રાન્ડ બને છે...
અને આપે છે
વ્યુઝની ગેરંટી અને
સફળતાનો ભરોસો
Reactions and plays
1,526 1,23,873
Reactions and plays
1,573 1,22,466
Reactions and plays
821 1,03,175
Vishwa karma Industrials
Reactions and plays
887 1,01,645
વિશ્વાસ અને પ્રેમનું
બીજું નામ
Reactions and plays
634 94,382
Reactions and plays
1,149 99,012
આજે જ સંપર્ક કરો
વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે
9724661561

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 11/02/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

એનિવર્સરી કેક - બેબીશાવર કેક - સગાઈ કેક
ફોન્ડન્ટ કેક - મેક અપ કીટ કેક - ફોટો કેક

## અઢળક કેકની વેરાયટીઓ

**New collection**

**મેરેજ બોક્સ - ડ્રાયફ્રુટ બોક્સ**
**તેમજ રમકડાં ની અવનવી વેરાયટી**

બર્થ ડેડેકોરેશન બેબી શાવર ડેકોરેશ
ની તમામ આઈટમ મળશે..

## લાઈવ કેક માટે મુલાકાત લ્યો

તમને મળશે બધાથી અલગ
અને તે પણ આપના બજેટમાં

અર્જન્ટ કેક બનાવી આપવામાં આવશે.

સાવરકુંડલામાં કેક તેમજ ડેકોરેશનનું
એકમાત્ર વિશ્વાસ પાત્ર સ્થળ

# નારોલા લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા મો. 88667 59838

તારીખ : 11/02/2026

કે.ડી. NEWS

નો નેગેટીવ ન્યુઝ

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# अनुष्ठान दिवस ४१

" अवतार " की साकार से निराकार तक की यात्रा " आत्मा " के संदेश की श्रृंखला है।

" अवतार " के रूप के साथ केवल और केवल प्रेम-भाव से ही समरस हो सकते है।

बाबा स्वामी

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 11/02/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




લગનમાં ચિન્ટુ જમતો હતો....
યજમાન: ચિન્ટુ ભાઈ, તમે કોના તરફથી આવ્યા છો?
ચિન્ટુ : કોઈના તરફથી નહી,પણ મારા પપ્પા એ કહ્યું કે તું કોઈના પ્રસંગમા જઈશ, તો કોક તારે ત્યાં આવશે, એટલે આવ્યો છું!

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 11/02/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# 11 ફેબ્રુઆરી મહત્વની ઘટનાઓ

૧૮૫૬ – અવધના રાજા વાજિદ અલી શાહને પદભ્રષ્ટ કરી અવધ રજવાડું બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીમાં ભેળવી દેવામાં આવ્યું.

૧૯૭૯ – ઈરાની ક્રાંતિએ અયાતુલ્લાહ રુહુલ્લાહ ખોમેનીની આગેવાની હેઠળ ઈસ્લામિક ધર્મશાસ્ત્રની સ્થાપના કરી.

૧૯૯૦ – નેલ્સન મંડેલાને 27 વર્ષ સુધી રાજકીય કેદી તરીકે રાખ્યા બાદ દક્ષિણ આફ્રિકાના કેપટાઉનની બહારની વિક્ટર વર્સ્ટર જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા.

૧૯૯૯ – પ્લૂટોએ નેપ્ચ્યૂનની ભ્રમણકક્ષાને પાર કરી. તે ૨૨૩૧ સુધી નેપ્ચ્યૂનની ભ્રમણકક્ષા સાથે ફરીથી સંપર્ક સાધે તેવી અપેક્ષા નથી.

૨૦૦૧ – એક ડચ પ્રોગ્રામરે ટેનિસ સ્ટાર અન્ના કુર્નિકોવાના ટ્રિક ફોટો દ્વારા લાખો ઈમેઈલ્સ સંક્રમિત કરીને 'અન્ના કુર્નિકોવા વાઈરસ'નો ફેલાવો કર્યો.

**જન્મ**

૧૮૪૭ – થૉમસ ઍડિસન, અમેરિકન શોધક અને ઉદ્યોગપતિ (અ. ૧૯૩૧)

૧૯૫૬ – શોભા પંડિત, ભૂતપૂર્વ ભારતીય મહિલા ક્રિકેટર

**અવસાન**

૧૯૪૨ – જમનાલાલ બજાજ, ભારતીય ઉદ્યોગપતિ અને પરોપકારી (જ. ૧૮૮૪)

૧૯૬૮ – દીનદયાલ ઉપાધ્યાય, ભારતીય વિચારક, સમાજ સેવક અને રાજકારણી (જ. ૧૯૧૬)

૧૯૭૭ – ફકરૂદ્દીન અલી અહમદ, ભારતીય વકીલ અને રાજકારણી, ભારતના રાષ્ટ્રપતિ (જ. ૧૯૦૫)

૧૯૮૦ – રમેશચંદ્ર મજુમદાર, ભારતીય ઈતિહાસવિદ્ (જ. ૧૮૮૮)

૨૦૧૮ – અસ્મા જહાંગીર, પાકિસ્તાની માનવાધિકાર વકીલ અને સામાજિક કાર્યકર્તા (જ. ૧૯૫૨)

**તહેવારો અને ઉજવણીઓ**

વિજ્ઞાનમાં મહિલા અને કન્યાઓનો આંતરરાષ્ટ્રીય દિવસ

રાષ્ટ્રીય સ્થાપના દિવસ (જાપાન)

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 11/02/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## વ્યાપારી માટે




# હોલસેલ ભાવે

## નાની-મોટી

# ચીઠ્ઠી બુક

## વિદ્યાર્થીઓ માટે



# રફ ચોપડા

તેમજ

લખવા માટેની

# કોરી પસ્તી

SINCE 1923 KD NEWS PAPER

## દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

કે.ડી. NEWS

નો નેગેટીવ ન્યુઝ

તારીખ : 11/02/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



# શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?

કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ



ફ્રેશ

# પસ્તી




સાવરકુંડલા માટે

# ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

# 94997 97973

વોટ્સઅપથી ઓર્ડર માટે

CLICK HEAR

તારીખ : 11/02/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના સાળંગપુરના આજના દર્શન



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી NEWS

તારીખ : 11/02/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો
## કે.ડી ન્યૂઝ સાથે...




સંપર્ક : મો. 9499797973